# ડીસાના ગાંધી ચોકમાં જ અખાદ્ય ગોળનો કાળો કારોબાર

ડીસા, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લાના વેપારીમથક ડીસાના હાર્દ સમાન ગાંધી ચોકમાં જ દેશી દારૂ બનાવવામાં વપરાતા અખાદ્ય (રસકટ ) ગોળનું ધૂમ વેચાણ થતું હોવાના ચોંકાવનારા અહેવાલો સાંપડે છે.

વેપારી અને તાલુકા મથક ડીસા આજુબાજુના અનેક ગામોનું સેન્ટર છે. તેથી ખરીદી સહિતના અન્ય કામે ગ્રામીણ પ્રજાની તાલુકા મથક સાથે રોજીંદી અવરજવર રહે છે. જો કે, ડીસા 'ડી' એટલે કે નકલી ચીજવસ્તુઓ મુદ્દે બદનામ છે. લેભાગુ વેપારીઓ ખાદ્ય ચીજોમાં પણ ભેળસેળ કરી બ્રાન્ડેડ કમ્પનીની નકલ કરતા અચકાતા નથી. તેમાં પણ



શહેરના હાર્દ સમાન ગાંધી ચોકમાં પશુ આહારની આડમાં અખાદ્ય ગોળનું ધૂમ વેચાણ થાય છે. ડીસા સહિત જિલ્લાના અન્ય તાલુકામાં દેશી દારૂનું ચલણ વધી ગયું છે. તેથી અન્ય તાલુકામાંથી પણ દારૂ બનાવનારા આ ગોળની ખરીદી કરવા આવે છે. જેના કારણે રોજના હજારો કી.ગ્રા. અખાદ્ય ગોળનું વેચાણ થતા માસિક લાખો રૂપિયાનું બિન કાયદેસરના વેપારમાં ટર્ન ઓવર થાય છે. પોલીસ સહિત તંત્રની નજર હેઠળ આ કાળો કારોબાર વર્ષોથી ધમધમે છે.

પોલીસ પ્રોહીબિશન ઝુંબેશના ભાગ રૂપે અવારનવાર તપાસના નાટકો કરે છે પણ પાછળથી તોડમાં પતાવટ થઈ જાય છે જેથી આ ગેરકાયદેસર વેપલો ધમધમતો જ રહે છે. હકીકતમાં પોલીસ દારૂબંધીના બહાને બુટલેગરોને વધુ ખંખેરે છે. કારણ તેઓ પોલીસ માટે કમાઉ દીકરા છે તેથી ખુદ પોલીસને દારૂના અડ્ડા બંધ કરાવવામાં રસ નથી જો પોલીસ સાચા અર્થમાં દારૂબંધી કરવા માંગતી હોય તો તેની જડમૂળ સમાન ખુલ્લેઆમ વેચાતા અખાદ્ય ગોળના કાળા કારોબારને બંધ કેમ કરાવતી નથી ? તે સવાલ સો મણનો છે.વાસ્તવમાં અખાદ્ય ગોળ જન આરોગ્ય જોખમાવે છે. ત્યારે તેના વેચાણ ઉપર પ્રતિબંધ મુકાય તો દારૂબંધીનું આપમેળે પાલન થાય તેમ છે. જિલ્લા પોલીસ વડા આ બાબતે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

# બાયડમાં ધવલસિંહ ઝાલા કાર્યકરોને લીધે ક્ષોભજનક સ્થિતિમાં મુકાયા

## ચાલો ફોર્મ ભરવાની પોસ્ટ સોશિયલ મીડિયામાં વાઈરલ

બાયડ, તા. ૨૭

રાજ્યમાં ૬ વિધાનસભાની પેટા ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે, પરંતુ એ પહેલા જ સ્થાનીક સંગઠનનો અને સમાજના અગ્રણીઓનો સુર ઉંચકાયો છે અને સ્થાનિક ઉમેદવાર માટે માંગણી કરી રહ્યા છે. ઉત્તર ગુજરાતની રાજકીય લેબોરેટરી ગણાતી બાયડ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ભાજપ તરફથી ધવલસિંહ ઝાલાનું નામ નિશ્ચિત હોવાના મોવડી મંડળે સંકેત આપ્યા છે.

ધવલસિંહ ઝાલાના અતિ ઉત્સાહી સમર્થકોએ સોશ્યલ મીડિયામાં 'બાયડના ગરીબ લોકોનો અવાજ બનશે ધવલસિંહ, ૩૦મીએ ફોર્મ ભરશે',ની પોસ્ટ કરતા શિસ્તબંધ ગણાતી ભારતીય જનતા પાર્ટીના વિધિવત રીતે ધવલસિંહ ઝાલાનું નામ જાહેર કરતા પહેલા ધવલસિંહ ઝાલાના સમર્થનમાં થયેલી પોસ્ટથી ભાજપના જમીની કાર્યકર્તાઓ પણ અચંબિત બન્યા હતા. સ્થાનિક રાજકારણમાં પણ ''પોસ્ટર ગેમ''થી કોને ફાયદો થાય છે તે જોવું રહ્યુંની ચર્ચા જામી છે. શિસ્તબદ્ધ પાર્ટીના આબરૂના લીરેલીરા ઉડ્યા હોવાનું પણ સ્થાનિક કાર્યકરોમાં ચર્ચાએ જોર પકડ્યું છે.




બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનો આ અંગે સતત ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ સંપર્ક થઈ શક્યો ન હતો.

# ખેડબ્રહ્મા શહેરમાં નવરાત્રીને લઈને તડામાર તૈયારીને છેલ્લો ઓપ અપાયો

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા મીની યાત્રાધામ નાના અંબાજી તરીકે ઓળખવામાં આવતા અંબેમા ના મંદિર ચોકના આગામી ૨૯ સપ્ટેમ્બરથી મા અંબાનો ચાચરચોક ખેલૈયાથી ઉભરાશે જેને લઈ આયોજક મંડળ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરમાં નવરાત્રી દરમિયાન ચાચર ચોકમાં હૈયે હૈયુ દળાય એટલી ભીડ રહેતી હોવાથી સુરક્ષા માટેના પણ ખાસ બંદોબસ્ત કરવામાં આવ્યા છે.

મંદિરના ચોકમાં અંબિકા મંદિર ટ્રસ્ટ અને શહેરના મંડળો દ્વારા શહેરના અન્ય જગ્યાએ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે અને ખેડબ્રહ્મા પોલીસ સહીત મંદિર ટ્રસ્ટ દ્વારા સુરક્ષાકર્મીઓ તૈનાત રહેશે, એટલુ જ નહી આયોજન મંડળો દ્વારા ખાસ કરીને તમામ ખેલૈયાઓ તેમજ ગરબારસિકોને નમ્ર વિનંતી કરવામાં આવે છે નવરાત્રીના નવ કલાકથી રાત્રિના ૧૨ કલાક સુધી ચાલશે.

જો કે આ વખતે બજારમાં મંદીનો માહોલ છે તે જોતા આ વખતે ઓછી જગ્યાએ ગરબાનું આયોજન થશે તેમ જણાઈ રહ્યું છે. તેમછતાં નવરાત્રિને લઈ યુવા હૈયાઓમાં અત્યારથી જ થનગનાટ જોવા મળી રહ્યો છે.



## ડીસામાં નવરાત્રીની તૈયારીઓ...

શક્તિ અને ભક્તિના પર્વ નવરાત્રિ આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે જો કે ગુજરાતની ઓળખ સમાં આ તહેવારને રંગેચંગે ઉજવવા ખાસ કરીને યુવા હૈયાઓએ આગોતરી તૈયારીઓ શરૂ કરી દીધી છે તેથી શહેરમાં ઠેરઠેર ગરબા કલાસ ધમધમી ઉઠ્યા છે જ્યાં ખેલૈયાઓ ગરબાના અવનવા સ્ટેપ શીખી રહ્યા છે પણ હવે નવરાત્રી નજીક આવતા વિવિધ આયોજક મંડળો દ્વારા માંડવડીઓ તૈયાર કરવામાં આવી રહી છે. રોશની સહિત ફૂલોથી સુશોભિત આ માંડવડીઓમાં મોડી રાત સુધી રાસ ગરબાની રમઝટ જામશે. જો કે આ વખતે બજારમાં મંદીનો માહોલ છે તે જોતા આ વખતે ઓછી જગ્યાએ ગરબાનું આયોજન થશે તેમ જણાઈ રહ્યું છે. તેમછતાં નવરાત્રિને લઈ યુવા હૈયાઓમાં અત્યારથી જ થનગનાટ જોવા મળી રહ્યો છે.

# અરવલ્લી જિલ્લાની તાતી જરૂરિયાત સિવિલ હોસ્પિટલ ક્યારે બનશે...?

## દોઢ વર્ષમાં ૧૫૦ બેડની હોસ્પિટલ કાર્યરત થશેના દાવા પોકળ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લાના પ્રજાજનોની આરોગ્યલક્ષી સેવાઓ માટે પાંચ વર્ષથી અટવાયેલ પ્રશ્ન હલ થતા હોસ્પિટલ માટે ગત વર્ષે રૂ.૪૫ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી નવરચિત અરવલ્લી જિલ્લામાં રૂ.૪૫ કરોડના ખર્ચે



૧૫૦ બેડ વાળી નવીન સીવીલ હોસ્પીટલ માટે જિલ્લા કલેક્ટર એમ.નાગરાજને પ્રજાલક્ષી નિર્ણય લઈ તાત્કાલિક બાજકોટ સીમની ૨૦ એકર જમીન ફાળવણીનો હુકમ તા.૨૪-૦૮-૨૦૧૮ ના રોજ કર્યો હતો અને દોઢ વર્ષના સમયગાળામાં ૧૫૦ બેડની અદ્યતન સિવિલ હોસ્પિટલ કાર્યરત થઈ જશેની જાહેરાત થી જીલ્લાવાસીઓમાં આનંદ છવાયો હતો.

મોડાસા નજીક બાજકોટ ગામની સીમમાં જમીન ફાળવ્યા ને એક વર્ષથી વધુ સમય થવા છતાં સિવિલ હોસ્પિટલના મકાન માટે એક પણ ઈંટ પણ ન મુકાતા સિવિલ હોસ્પિટલની જાહેરાત ફક્ત કાગળ ઉપર જ રહેવા પામી છે ત્યારે સરકારી તંત્ર ફક્ત જોરશોર થી જાહેરાતો કરવામાં પાવરધું હોય તેવું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે સિવિલ હોસ્પિટલનું નિર્માણ યુદ્ધના ધોરણે હાથધરવામાં આવેની માંગ પ્રજાજનોમાં પ્રબળ બની છે

અરવલ્લી જીલ્લાને દરોજજો મળે ૬ વર્ષનો સમય વીત્યો હોવા છતાં પણ હજુ સુધી કહેવાતી જીલ્લા કક્ષાની પાયાની સુવિધાઓ પુરી પાડવામાં સરકાર ઉણી ઉતરી છે જીલ્લાની નબળી નેતાગીરી પણ રાજ્ય સરકારમાં રજુઆત કરવામાં નિષ્ફળ રહેતા કે પછી અરવલ્લી જીલ્લાના પ્રજાજનો સામે રાજ્ય સરકારની ઉદાસીનતા...? જેવા અનેક પ્રશ્નો લોકોમાં ચર્ચાઈ રહ્યા છે.

જીલ્લાના પ્રજાજનો અને ગરીબી રેખા હેઠળ જીવતા અનેક પરિવારો સિવિલ હોસ્પિટલના અભાવે ઉત્તમ અને નિ:શુલ્ક સુવિધાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે દિનપ્રતિદિન અનેક ગંભીર રોગોનું સંક્રમણ વધી રહ્યું હોય ખર્ચાળ બનતી જતી મેડિકલ સુવિધા માટે લોકોને દરબદર ભટકવું પડે છે મલ્ટીસ્પેશિયાલીટી કહેવાતી હોસ્પિટલો સામાન્ય બીમારીમાં પણ દર્દીઓના ખિસ્સા ખંખેરી લેતા હોવાના કિસ્સાઓ પણ સમયાંતરે ઉજાગર થાય છે શ્રમજીવી અને ગરીબ પરિવારો દેવું કરી મોંઘી સારવાર લેવા મજબુર બનવું પડતું હોય છે ત્યારે દર્દીઓને ઘર આંગણે નિ:શુલ્ક કે તદ્દન નજીવા દરે આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલની અનિવાર્ય બની છે.

# મોડાસા નામ આપનાર રાજા માંધાતાનો પૌરાણિક મહેલ પુરાતત્વ ખાતાની બેદરકારીના ભોગે નામશેષ થવાની આરે

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર પ્રાચીનકાળમાં મોહડવાસક તરીકે જાણીતું હતું. મોહડવાસકે મોડાસાનું સંકૃતમ રૂપ છે, મોડાસા આવેલા રાજા માંધાતાનો પૌરાણિક મહેલ પુરાતત્વ વિભાગની બેદરકારીના લીધે નામશેષ થવાની તૈયારીમાં છે. રાજા માંધાતાના ભવ્યાતિભવ્ય મહેલની યાદો ફક્ત બે દીવાલોમાં સમેટાઈ ચુકી છે, આજુબાજુની જમીનો પર પણ કેટલાક લોકોએ કબ્જો જમાવી દીધો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.



મોડાસાના શાહીકોટ વિસ્તારમાં આવેલ માંધાતા રાજાનો પૌરાણિક મહેલ ખંડરે થયા પછી નામશેષ થવાની આરે છે. અતિપૌરાણિક મહેલની આજુબાજુ પુરાતત્વ વિભાગની રહેમનજર હેઠળ કે પછી પુરાત્વ વિભાગની જાણ બહાર કેટલાક લોકોએ મહેલની જગ્યાને નેસ્તનાબૂદ કરવાની સાથે રહેણાંક મકાનો તાણી બાંધ્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. માંધાતાના મહેલ ફક્ત બે દીવાલ પર તેના અસ્તિત્વ માટે ઝઝૂમી રહ્યો હોય તેવું જાગૃત નાગરિકો અહેસાસ અનુભવી રહ્યા છે.

પુરાતત્વ વિભાગ દ્વારા રાજા માંધાતાના ઐતિહાસિક મહેલની આજુબાજુમાં કંપાઉન્ડ દીવાલ બનાવી દેવામાં આવે તે ખુબ જરૂરી છે. પુરાતત્વ વિભાગની ઘોર બેદરકારીના પગલે જિલ્લામાં અનેક પૌરાણિક વાવ ખંડેર હાલતમાં જોવા મળી રહી છે.

શહેરનું નામ રાજા માંધાતાના નામથી પડ્યું હોવાનું મનાય છે. મોડાસા શહેરના શાહીકોટ વિસ્તારમાં

# પ્રાંતિજ આરોગ્ય કેન્દ્રમાં ૩૭૦ મોન્સુન મેડીકલ કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા ભાજપ દ્વારા ૩૭૦ મોન્સુન મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કાશ્મીરમાંથી બંધારણની કલમ ૩૭૦ અને ૩૫એ હટાવી લેતાં સમગ્ર દેશ અને દુનિયામાં ખુબજ પ્રતિસાદ મળ્યો છે. આ નિર્ણયને વધાવી લેતાં સાબરકાંઠા જિલ્લાના ભાજપ દ્વારા પ્રાંતિજ આરોગ્ય કેન્દ્ર ખાતે ૩૭૦ મોન્સુન મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેમ્પનું ઉદ્ઘાટન સાબરકાંઠા અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રાંતિજ તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર સોલંકી, નગરપાલિકા પૂર્વ પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, કારોબારી અધ્યક્શ કોકીલાબેન પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ રાજુભાઈ પટેલ, શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં તો આરોગ્ય કેન્દ્રના દર્દીઓને ફ્રૂટ તથા બિસ્કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ૩૭૦ મોન્સુન મેડીકલ કેમ્પનો ૨૮૮ દર્દીઓએ લાભ લીધો હતો અને નિષ્ણાત ડૉકટરોની ટીમ દ્વારા દર્દીઓને સારવાર સાથે દવાઓ પણ આપવામાં આવી હતી.



## પાલનપુરમાં પોષણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વાનગી પ્રદર્શન

પાલનપુરમાં પોષણ સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે આંગણવાડની બહેનો દ્વારા વાનગી નિદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.અને આંગણવાડના બાળકોને ખવડાવામાં આવતી વાનગીઓનું પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ. બનાસકાંઠામાં આગણવાડીની બહેનો દ્વારા સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે ઉજવવામાં આવે છે.જેથી કુપોણયુક્ત બાળકોને કેવા પ્રકારનો આહાર આપવાથી તેમા પોષણ શક્તિનો વધારો થાય તે માટે લોકોમાં જાગૃતી આવે તે માટે અવનવા કાર્યક્રમો કરી લોકોમાં જાગૃતિ લાવવામાં આવતી હોય છે.તેજ રીતે આજરોજ આગણવાડીની બહેનો દ્વારા આગણવાડીના બાળકોને કેવા પ્રકારની વાનગીઓ આપવામાં આવે છે.તે અંગેનું નિદર્શન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં આગણવાડીની બહેનો દ્વારા વાનગીઓ બનાવી તેનો સ્ટોલ ઉભો પ્રદર્શન માટે મુકવામાં આવતા લોકોએ નીહાળ્યો હતો.જેમાં મોટી સંખ્યામાં આગણવાડીની બહેનો જાડાઈ હતી.

# પ્રાંતિજ શીખ સમાજ દ્વારા પાકિસ્તાનથી આવેલ ગ્રંથયાત્રાનું પ્રાંતિજ ખાતે ભવ્ય સ્વાગત

સાબરકાંઠાજિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા શીખ સમાજ દ્વારા પાકિસ્તાનથી નિકળેલ શીખ સમુદાયની ગ્રંથયાત્રાનું પ્રાંતિજ ખાતે આવી પહોચતા ભવ્ય સ્વાગત



કરવામાં આવ્યું હતું.

પાકિસ્તાન સ્થિત ગુરૂધારાથી નિકળેલ શીખ સમુદાયની વિરાટ શોભાયાત્રા ગુરૂગ્રંથસાહેબ ધર્મગ્રંથ સાથે નિકળેલ જે સમસ્ત ભારતભરમાં ફરીને પાકિસ્તાન મુકામે પરત જશે. આ ધર્મગ્રંથ યાત્રા પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવી પહોચતા પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા શીખ સમાજના ભાઈ-બહેનો તથા સિંધી સમાજના ધર્મપ્રેમી ભાઈ-બહેનો ઉપસ્થિત રહીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વિશ્વશાંતિ અર્થે નિકળેલ આ ધર્મગ્રંથ યાત્રા ભારતભરમાં વિવિધ શહેરોમાં પરિભ્રમણ કરીને પાકિસ્તાન ખાતે આવેલ ગુરૂધારા મંદિર પરત ફરશે. આ ભવ્ય શોભાયાત્રા અમદાવાદથી પ્રાંતિજ ખાતે આવી પહોચતા આ ભવ્ય શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું . ''બોલો સો નિહાલ, સતશ્રી અકાલ''ના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યુ છે. લકઝરી ગાડીઓ તેમજ કારોમાં ધર્મગ્રંથ સાથે નિકળેલ કાફલાનું શીખ સમાજ તથા સિંધી સમાજ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. ભારતના ઈતિહાસમાં શીખ સમુદાયનો ધર્મના રક્ષણ માટે ખુબજ મહત્વનો ફાળો છે અને આજે પણ બોર્ડર ઉપર દેશનું રક્ષણ કરતાં જવાનોમા શીખ સમુદાયના સૈનિકો મોટી સંખ્યામાં અડીખમ રહીને દેશની સેવાની સાથે રક્ષા કરી રહ્યા છે.

# ભિલોડામાં તસ્કરો ત્રાટક્યા

## ઘરમાં મહિલાઓને ગળે ચપ્પુ મૂકી ૧.૧૬ લાખ રૂપિયાની લૂંટ કરી : પોલીસે કહ્યું જો...જો... કોઈને કહેતા

ભિલોડા, તા. ૨૭

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિથરેહાલ હોય તેવું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે.



જીલ્લામાં તસ્કર ટોળકી અને ઘરફોડિયા ગેંગે પડાવ નાખ્યો હોય તેમ સતત લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. જીલ્લામાં ચોરીની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ભિલોડા શહેરમાં આવેલી સંસ્કાર સોસાયટીમાં બંધ મકાનમાં પ્રવેશી ઉંઘી રહેલી બે મહિલાઓના ગળે ચપ્પુ રાખી ૧.૧૬ લાખ રૂપિયાના મુદ્દામાલની લૂંટ કરી રફુચક્કર થઈ જતા ભારે ચકચાર મચી હતી ભિલોડા પોલીસે રાબેતા મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.

ગુરૂવારે રાત્રીના સુમારે, ભિલોડા શહેરની સંસ્કાર સોસાયટીમાં રહેતી બે મહિલાઓ તેમના ઘરના લોખંડના દરવાજાને સ્ટોપર મારી સુઈ ગઈ હતી. મોડીરાત્રે ચાર તસ્કરોએ દરવાજાની સ્ટોપર ખોલી ઘરમાં પ્રવેશી આશાકુમારી અને ગીતાબેનના ગળાના ભાગે ચપ્પુ રાખી ચુપચાપ ઉભા રહેવા જણાવી ઘરમાં લોખંડની પેટી અને ડબ્બામાં મુકેલા રોકડા રૂપિયા ૫૦ હજાર અને સોનાચાંદીના દાગીના મહિલાઓના બે મોબાઈલ મળી કુલ રૂ.૧૧૬૦૦૦ની લૂંટ ચલાવી ૪ અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. તસ્કરોની ધમકીથી હેબતાઈ ગયેલી મહિલાઓએ ભિલોડા પોલીસને જાણ કરતા ભિલોડા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી બંને મહિલાઓને હિંમત આપી હતી. ભિલોડા પોલીસે આશાકુમારી રાધેશ્યામ શર્માની ફરિયાદના અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ઈપીકો કલમ-૩૭૯(એ)(૩), ૪૪૯,૧૧૪ તથા જીપીએકટ ૧૩૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજના બાલીસણા ખાતે શાળા સલામતી સપ્તાહની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની તમામ સરકારી અને માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં છેલ્લા દિવસે બાલીસણા પ્રાથમિક શાળામાં ફાયરસેફટી તાલીમ નિદર્શન અને મોકડ્રીલના કાર્યક્રમો યોજાયા હતા.

ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ગાંધીનગરની સુચનાથી રાજયની તમામ શાળાઓમાં એક અઠવાડિયા સુધી બાળકોને ડીઝાસ્ટર પ્લાન વિષે વિસ્તૃત માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં તા.૨૩-૯થી ૨૭-૯ સુધીમાં પ્રાંતિજ સહિત તાલુકાની શાળાઓમાં શાળાના બાળકોને



ડીઝાસ્ટર પ્લાન વિષે વિસ્તૃત માહિતી આપવામા આવી હતી. તાલુકા દીઠ ૧૦ અને કુલ-૮૦ માસ્ટર ટ્રેઈનર જૂન-૨૦૧૯ દરમ્યાન જીઆઈડીએમ ખાતે તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં માસ્ટર ટ્રેઈનર દ્વારા શાળા દીઠ બે તજજ્ઞો ને તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં ભૂંકપ, આગ, ફાયર શાળાની આસપાસના જોખમો પૂર્વ તૈયારી અને મોકડ્રીલ જેવા વિષયો પર સભર તાલીમ આપવામાં આવી હતી. આ સિવાય બાકીની શાળાઓમાં જીએસડીએમએ દ્વારા આપવામાં આવેલા ચાર્ટ, પોસ્ટર કેલેન્ડર થકી ચિત્ર સ્પર્ધા, નિબંધ અને મોકડ્રીલ દ્વારા સમગ્ર કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. હિંમતનગર ફાયર અધિકારી દેવડા તથા પ્રાંતિજ ફાયર કર્મચારી મુકેશભાઈ પરમારની ટીમ દ્વારા શાળાના બાળકોને વિવિધ માહિતી આપી. ભૂંકપ, આગ, પૂર જેવી અનેક આપતીઓ વિષે વિસ્તૃત જાણકારી આપી બચાવ માટેના ફાયરના સાધનો વિષે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યું હતું.